ક્રમાંક/સીટીએસ/બાંધકામ/૨૦૧૭/ ૨૨૮
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લોક-૧, ત્રીજો માળ, જુના સચિવાલય,
ગાંધીનગર. તારીખઃ-૨૦/૦૨/૨૦૧૮.
૨૮.

વંચાણે લીધોઃ-૧.અત્રેના તા.૧૬/૦૪/૯૯ના પરિપત્રક્રમાંકઃસીટીએસ/અ-૧/મકાન/૯૯/૩૮૩.
૨.અત્રેના તા.૧૪/૧૧/૨૦૦૦ ના પરિપત્રક્રમાંકઃસીટીએસ/અ-૧/૨૦૦૦/૧૦૪૩.
૩.અત્રેના તા.૧૨/૦૩/૨૦૦૧ના પરિપત્રક્રમાંકઃસીટીએસ/અ-૧/મ.ભા./૨૦૦૧/ ૫૩૭.
૪.અત્રેના તા.૦૯/૦૧/૨૦૦૯ના પરિપત્રક્રમાંકઃસીટીએસ/અ-૧/૨૦૦૮/૯૯.
૫.સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃમકન/૧૩૨૦૧૪/૮૩૩૩૦૨/૨(૧)

પરીપત્રઃ-

રાજયમાં ૨૮૭ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. જે પૈકી અત્યાર સુધીમાં ૨૦૩ સંસ્થાઓના નવિન મકાન બાંધકામ પૂર્ણ થયેલ છે. સંસ્થાના નવિન મકાનનું બાંધકામ પૂર્ણ થયે એજન્સી દ્વારા કમ્પલીશન સર્ટીફિકેટ મેળવ્યા બાદ પઝેશન લેવામાં તથા પઝેશન લીધા બાદ ભાડાનું મકાન ખાલી કરવામાં વિલંબ થવાના કારણે સરકારશ્રીમાં વધારાના મકાનભાડાનો બોજ પડે છે.

આથી સંસ્થાના નવિન મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સંસ્થા ભાડાના મકાનમાંથી નવિન મકાનમાં શિફ્ટીંગ કરવા અંગેનું આગોતરૂ આયોજન હાથ ધરવાનું રહેશે. નવિન મકાનના બાંધકામની કામગીરી પૂર્ણતાના આરે હોય ત્યારે સંસ્થાની મશીનરી, માલસામાન નવિન મકાનમાં શિફ્ટીંગ કરવા અંગેની દરખાસ્ત વડી કચેરીને કરી મકાન બાંધકામ પૂર્ણ થયા પહેલાં સંસ્થા શિફટીંગની મંજૂરી મેળવી સંસ્થા શીફટીંગ કરવાની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવાની રહેશે.

સંસ્થા માટે મકાન ભાડે રાખતા પહેલા સંસ્થા ખાતે મંજૂર થયેલ વ્યવસાય / બેઠકોને ધ્યાને લઇ D.G.T. New Delhiના નોર્મ્સ મુજબ જરૂરી જગ્યા મુજબ મકાન ભાડે રાખવાનું રહેશે. કેટલીક સંસ્થાઓ દ્વારા જાહેર નિવિદા આપ્યા વિના / જરૂરી કાર્યવાહી વિના મકાન ભાડેથી રાખી લેવામાં આવે છે, પરીણામે ભાડે રાખવામાં આવેલ મકાનનું ભાડું સ્થાનિક બજાર ભાવ કરતાં વધું ચુકવવાનું થાય છે. આ સંજોગોમાં સંસ્થા માટે ભાડેથી મકાન મેળવવા માટે પ્રથમ જાહેર નિવિદા આપવાની રહેશે અને ત્યારબાદ મળેલ ભાડાની ઑફર / અરજીઓનું તુલનાત્મક પત્રક બનાવવાનું રહેશે. મળેલ ઑફર / અરજીઓ પૈકી સૌથી ઓછું ભાડું તેમજ સંસ્થા માટે મકાનની અનુકૂળતા ધ્યાને લેવાની રહેશે.

National Building Code (NBC) ના નોર્મ્સ / જોગવાઇઓનું પાલન થાય તથા દિવ્યાંગજનો સરળતાથી આવન-જાવન કરી શકે તે પ્રકારનું મકાન ભાડે રાખવાનું રહેશે. ભાડાના સ્થાનિક બજારભાવો સાથે ચકાસણી કરી તુલનાત્મક પત્રક આ કચેરીને મોકલી અત્રેથી તે મકાન ભાડે રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

મકાનભાડાની દરખાસ્ત રજુ કરતાં પહેલાં કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગનું સરકારી મકાન અપ્રાપ્યતાનું પ્રમાણપત્ર લેવામાં આવે છે. પરંતુ મહાનગરપાલિકા, નગરપાલિકાની માલિકીના કોમ્યુનીટી સેન્ટર કે આદિજાતી વિકાસ વિભાગ હસ્તકના મકાનો તેમજ સરકારના અન્ય વિભાગો કે સહકારી સંસ્થાઓની મલિકીના મકાન પૈકીના જો કોઈ મકાનો ઉપલબ્ધ હોય તો તે પ્રકારના રેન્ટ ફ્રી મકાનો મેળવવા પ્રયત્ન કરવા. તેમજ સંસ્થાના સ્થળે જો કોઈ સ્કુલ, કોલેજ કાર્યરત હોય અને તેવી સંસ્થામાં જરૂરી જગ્યા મળી શકતી હોય તો તે શક્યતા ઉપરાંત સંસ્થાના સ્થળે કોઈ વ્યક્તિ / સંસ્થા / ટ્રસ્ટ કે દાતા રેન્ટ ફ્રી મકાન આપવા ઈચ્છતા હોય તો તે શક્યતા પણ ચકાસી લેવાની રહેશે.

સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ પાસેથી વ્યાજબી ભાડાનુ પ્રમાણપત્ર તેમજ રેન્ટ કેલકયુલેશન શીટ મેળવી લેવાની રહેશે. મકાન સાથેની ખુલ્લી જગ્યાનું ભાડુ આકારવાનું થતુ ન હોય ખુલ્લી જગ્યાનું ભાડુ આકારેલ નથી તેની ખાત્રી કરી લેવાની રહેશે.

ખાનગી ભાડાના મકાનમાં કાર્યરત સંસ્થાના વડાઓએ ઉક્ત તમામ પાસાઓની ચકાસણી કરી રેન્ટ ફ્રી મકાન ઉપલબ્ધ નથી તે અંગેનું આ સાથે સામેલ નિયત નમૂનામાં પ્રમાણપત્ર મોકલી આપવાનું રહેશે. જો રેન્ટ ફ્રી મકાન ઉપલબ્ધ હોય કે ઓછા ભાડા વાળું મકાન ઉપલબ્ધ હોય તો હાલ કાર્યરત ખાનગી મકાનનો કબજો પરત કરી સત્વરે નવું મકાન ભાડે રાખી નિયત નમૂનામાં દરખાસ્ત અત્રે મોકલી આપવાની રહેશે. ભાડાની રકમ માર્ગ અને મકાન વિભાગની ગણતરી અનુસાર કરવામાં આવે છે પરંતુ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગણતરી કરેલ ભાડાની રકમ કરતાં ઓછી રકમમાં સમાન / વધારે સુવિધાવાળું મકાન મળતું હોય તો તે માટે સંબંધિત સંસ્થાના વડાએ પૂરતા પ્રયત્ન કરવાના રહેશે.

મકાન ભાડે રાખતા અગાઉ મકાન માલિક સાથે બે સાક્ષીની સહી સાથે કરવાની થતી નિયત બોલીઓ / શરતો મુજબ (શરત નં-૧ થી ૧૪ ) મુજબ રૂ.૧૦૦/- (રૂપિયા એકસો પુરા) ના સ્ટેમ્પ પર ભાડા કરાર કરી સરકારશ્રીના તા.૨૮/૧૧/૨૦૧૪ના પરીપત્રની શરતો / જોગવાઇઓ ને આધિન ચેકલીસ્ટના કોલમ નંબર ૧ થી ૧૯ મુજબ નિયત પ્રમાણપત્ર સાથેની દરખાસ્ત આ કચેરીની વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓને ધ્યાને લઈ સંબંધિત ના.નિ.શ્રી(તા) પ્રા.ક. મારફત દરખાસ્ત બે નકલમાં (અસલ તેમજ પ્રમાણિત નકલમાં) અત્રે મોકલી આપવાની રહેશે.

સંસ્થા ખાતે ચાલતા વ્યવસાય / બેઠકોમાં વધારો થાય ત્યારે વધારાનું મકાન ભાડે રાખવા માટે પણ ઉપરની વિગતે કાર્યવાહી હાથ ધરી મંજૂરી મેળવી સંયુક્ત દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

આ પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે જેથી ભવિષ્યમાં મકાનભાડા ચૂકવણી બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ.

બિડાણઃ- ૧. સંસ્થા માટે રેન્ટ ફ્રી મકાન ઉપલબ્ધ ન હોવા અંગેનું પ્રમાણપત્ર.
૨. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૪ના પરિપત્ર સાથેનું કોલમ ૧ થી ૧૯ નું ચેકલીસ્ટ.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

પ્રતિ,
૧. તમામ સંસ્થાઓના વડા તરફ અમલ અર્થે.
૨. નાયબ નિયામકશ્રી (તા) પ્રા.ક. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત તરફ જાણ અર્થે.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ........................... તા.-.......................... જી.-.......................... માટે મકાન ભાડે રાખવા અંગે ગ્રામ – તાલુકા પંચાયત / નગરપાલિકા / મહાનગર પાલિકાની માલિકીના કોમ્યુનિટી સેન્ટર કે આદિજાતી વિકાસ વિભાગ હસ્તકના તાલીમ કેન્દ્રોના મકાનો, સરકારના અન્ય વિભાગોની માલિકીના સરકારી મકાન તેમજ સ્કુલ / કોલેજ કે અન્ય કોઈ વ્યક્તિ / સંસ્થા, ટ્રસ્ટ કે દાતા તરફથી રેન્ટ ફ્રી મકાન ઉપલબ્ધ થયેલ નથી.

આચાર્યશ્રી
ઔદ્યોગિક તાલીમ સંસ્થા,
.....................................

કચેરી માટે મકાન ભાડે રાખવા
અંગે કરવામાં આવતી દરખાસ્તો
સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ નિયત
કરવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ક્રમાંક:મકન/૧૩૨૦૧૪/૮૩૩૩૦૨/ર(૧)
તારીખ:૨૮/૧૧/૨૦૧૪

પરિપત્ર :-

નાણાકીય સત્તા(સોંપણી) નિયમો-૧૯૯૮ના પ્રકરણ-૪ મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો હેઠળની સત્તાઓ - વિભાગ-૧ આકસ્મિક ખર્ચ કરવાની સત્તાઓ નિયમ-૩૬(૧૯) ની જોગવાઇ મુજબ વિભાગના નિયંત્રણ હેઠળની કચેરી માટે ખાનગી મકાન ભાડે રાખવા મકાન ભાડુ રૂ.૧૦,૦૦૦/-થી વધતુ હોય તો શરતોને આધિન મંજૂરી આપવા વહીવટી વિભાગ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવતી હોય છે.

૨. અનુભવે જણાયુ છે કે વિભાગને રજૂ કરવામાં આવતી આ પ્રકારની દરખાસ્તોમાં કેટલીકવાર ખાતાના વડાની કચેરી દ્વારા કાળજીપૂર્વક અને યોગ્ય ચકાસણી કરવામાં નહીં આવતી હોવાથી અધુરી અને અપુરતી માહિતીવાળી દરખાસ્ત પરત્વે યોગ્ય નિર્ણય લેવામાં વિલંબ થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે કચેરી માટે ભાડે રાખવામાં આવતા મકાનની મંજૂરી અંગેની દરખાસ્ત માટે ચેકલિસ્ટ નિયત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૩. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ ચેકલિસ્ટ નિયત કરવામાં આવે છે. આથી હવે પછી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કૌશલ્ય વર્ધન કેન્દ્ર માટે ખાનગી મકાન ભાડે રાખવા મંજૂરી આપવાની દરખાસ્ત જ્યારે વિભાગને રજૂ કરવામાં આવે ત્યારે રોજગાર અને તાલીમ નિયામકની કચેરીએ નિયત ચેકલિસ્ટની વિગતો સંપુર્ણ ભર્યા પછી, સાધનિક દસ્તાવેજો સામેલ રાખી, સંબંધિત સંસ્થાના વડાએ તથા સંબંધિત પ્રાદેશિક કચેરીના નાયબ નિયામકશ્રીએ ચેકલિસ્ટમાં નિયત કરેલ પ્રમાણપત્ર આપવાનું રહેશે. અધુરી વિગતો/અપુરતી માહિતી વાળી દરખાસ્ત અસલમાં પરત કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.વસાવા)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

બિડાણ: ચેકલિસ્ટ

પ્રતિ,

૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તાબાની તમામ કચેરીઓને પરિપત્રિત કરવા સારુ

૨. શાખા સીલેકટ ફાઇલ

૩. ના.સે.અ.સીલેકટ ફાઇલ.

શેરાક્રમાંકઃસીટીએસ/બાંધકામ/૨૦૧૪/૯૯૯૨
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લૉક નં. ૧, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તાઃ-૦૨/૧૨/૨૦૧૪

<u>નકલ સાદર રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારુઃ-</u>

નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તરફ

પરિપત્રની સુચનાઓ તેમજ તેની સાથેના નિયત ચેકલીસ્ટ, સંસ્થાના વડા અને નિયંત્રણ અધિકારીએ રજુ કરવાના પમાણપત્ર સહ ખાનગી મકાન ભાડે રાખવા અંગેની દરખાસ્ત ભાડા મંજુરી માટે અત્રે રજુ કરવા આપના તાબા હસ્તકની સંસ્થાઓના વડાઓને સુચન થવા વિનંતી.

Joshi

મદદનીશ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક-મકન/૧૩૨૦૧૪/૮૩૩૩૦૨/૨(૧)નું બિડાણ.

ઔ.તા.સંસ્થા / કચેરી માટે ખાનગી મકાન ભાડે રાખવા માટે કરવામાં આવતી દરખાસ્ત સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ તેમજ સંસ્થાના વડા અને નિયંત્રણ અધિકારીએ રજૂ કરવાનું પ્રમાણ પત્ર :

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧ | મકાન ભાડે રાખનાર કચેરીનું નામ. . | |
| ૨ | મકાન ભાડે રાખવાનો હેતું. | |
| ૩ | મકાનનું ક્ષેત્રફળ (ચો.મી.) . | |
| ૪ | મકાન ભાડે રાખવાનો સમય-ગાળો (સ્પષ્ટ) | |
| ૫ | નોર્મ્સ મુજબ જરૂરી જગ્યાની વિગત. (ચો.મી) | |
| ૬ | મકાનમાં ઉપલબ્ધ જગ્યાની વિગત.(ચો.મી) | |
| ૭ | સરકારી મકાન અપ્રાપ્યતાનું ના.કા.ઈ. મા..અને મ.ની કચેરીનુ પ્રમાણપત્ર. | |
| ૮ | ના.કા.ઈ.મા..અને મ.ની કચેરીનુ વાજબી ભાડાનું પ્રમાણપત્ર | |
| ૯ | મકાનની માલિકી અંગેના પુરાવા. પંચાયત કે નગરપાલિકાના સહી ,સિક્કા સાથેનું આકારણી પત્રક ફરજિયાત રજૂ કરવું. | |
| ૧૦ | પંચાયત કે નગરપાલિકા દ્વારા મંજૂર કરેલ મકાનના નકશાની પ્રમાણિત નકલ. | |
| ૧૧ | ભાડે રાખવાના મકાનનો ફોટોગ્રાફ. | |
| ૧૨ | મકાન ભાડે આપવા માલિકનો સંમતિપત્ર. | |
| ૧૩ | મકાન માલિક દ્વારા કરેલ ભાડા કરાર. | |
| ૧૪ | ભાડા કરારનો સમયગાળો સ્પષ્ટ દર્શાવવો. | |
| ૧૫ | જાહેર નિવિદાની નકલ. | |
| ૧૬ | જાહેર નિવિદા આપવામાં આવેલ ન હોય તો તે અંગેના સ્પષ્ટ કારણો. | |
| ૧૭ | જી.આઈ.ડી..સી. પ્લોટમાં મકાન હોય તો. આ સંસ્થાનું "ના-વાંધા પ્રમાણપત્ર" ફરજિયાત રજૂ કર્યા બાદ મકાન ભાડે સખવું. | |

| | | |
|---|---|---|
| ૧૮ | મકાન મંડળી/ટ્રસ્ટની માલિકીનુ હોય તો ભાડે આપવા અંગેની મંજૂરીના ઠરાવની નકલ. | |
| ૧૯ | સંસ્થા માટે પોતાનું સ્વતંત્ર મકાનના બાંધકામ માટે કોઇ આયોજન છે કે કેમ? આ હેતુસર કોઇ અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ ? તેની વિગતો. | |

પ્રમાણ પત્ર :

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઔ.તા.સંસ્થા / કૌશલ્ય વર્ધક કેન્દ્ર / કચેરી .......માટે ભાડે રાખવા અંગેના મકાનના ભાડા માટેની દરખાસ્ત કરવા અંગેના ઉપરના પત્રકના કોલમ ૧ થી ૧૯ માં દર્શાવેલ વિગતોની મે જાતે ચકાસણી કરેલ જે તમામ સાચી છે. તેમજ ભાડે રાખેલ મકાનમાં પાણી , વીજળી તેમજ સંડાસ બાથરૂમની સગવડ ઉપલબ્ધ છે.

સંસ્થાના વડા

સંસ્થાનુ નામ /સરનામુ

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઔ.તા.સંસ્થા/ કચેરી, .........તરફથી ......... સંસ્થા, માટે ભાડે રાખેલ મકાનની મે જાતે રૂબરૂ મુલાકત લીધેલ છે. આ મકાનમાં પાણી , વીજળી તેમજ સંડાસ બાથરૂમની સગવડ ઉપલબ્ધ છે . ઉપરના પત્રકના કોલમ ૧ થી ૧૯ માં દર્શાવેલ વિગતોની મે જાતે ચકાસણી કરેલ જે તમામ સાચી છે. આ મકાન સંસ્થાની આજુબાજુના તાલીમાર્થીઓને સારી રીતે અનુકૂળ પડે તેવું હોઈ મકાન ભાડે રાખવાની હું ભલામણ કરું છું.

નાયબ નિયામક(તા)

પ્રાદેશિક કચેરી

કચેરી નામ /સરનામુ

<u>ખાસ નોંધ :-</u>

ભાડા કરારમાં કાયદા અનુસાર માન્ય રહે તેવી બન્ને પક્ષે યોગ્ય શરતો નિયત થયેલ હોવી જોઈએ. ભાડા કરારમાં એક તરફી શરતોનો સમાવેશ કરવામાં આવેલ જણાશે તો દરખાસ્ત માન્ય રહેશે નહીં તેમજ અધૂરી વિગતો સાથે કરવામાં આવેલ દરખસ્ત અસલમાં પરત કરવામાં આવશે. તેની નોંધ લેવી.